# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-04-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ઉમેદવારી ફોર્મ વિતરણ :

કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે જિલ્લામાં ફોર્મ વિતરણની પ્રક્રિયામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે,પરંતુ ફોર્મ ભરીને પરત સોંપવામાં ઉમેદવારો હજુ 'વેઇટ એન્ડ વોચ'ની નીતિ અપનાવી રહ્યા હોય તેમ જણાય છે.

ગાંધીધામ મહાનગરપાલિકામાં અત્યાર સુધીમાં કુલ 302 ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે, જોકે હજુ સુધી એક પણ ઉમેદવારે ફોર્મ ભરીને પરત કર્યું નથી. આવી જ સ્થિતિ જિલ્લાની પાંચ નગરપાલિકાઓમાં પણ છે, જ્યાં કુલ 574 ફોર્મ વિતરિત થયા હોવા છતાં ભરાયેલા ફોર્મની સંખ્યા શૂન્ય છે. નગરપાલિકાઓમાં સૌથી વધુ માંડવીમાં 201 ફોર્મ, ભુજમાં 167, મુંદરા-બારોઈમાં 100, અંજારમાં 87 અને નખત્રાણામાં 19 ફોર્મનું વિતરણ થયું છે.

પંચાયત સ્તરે પણ ચૂંટણીનો માહોલ ગરમાયો છે. કચ્છ જિલ્લા પંચાયત માટે અત્યાર સુધીમાં 127 ફોર્મ વિતરિત થયા છે, પરંતુ એક પણ ફોર્મ ભરાઈને આવ્યું નથી. જ્યારે જિલ્લાની 9 તાલુકા પંચાયતોમાં કુલ 455 ફોર્મનું વિતરણ થયું છે, જેમાંથી માત્ર 6 ફોર્મ ભરાયા છે. જેમાં લખપત તાલુકા પંચાયત માટે સૌથી વધુ 4 અને ભુજ તાલુકા પંચાયત માટે 2 ફોર્મ ભરાયા છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો, અંજારમાં 63, અબડાસામાં 63, રાપરમાં 59, ભચાઉમાં 57, નખત્રાણામાં 45, માંડવીમાં 43 અને મુન્દ્રામાં 39 ફોર્મ ઉપડ્યા છે. પરંતુ, હજુ સુધી ઉમેદવારી નોંધાવાની બાકી છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં શૌર્ય દિવસની ઉજવણી :

1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતીય જવાનોના અપ્રતિમ સાહસને બિરદાવવા આવતીકાલે કચ્છની સરદાર પોસ્ટ ખાતે 'શૌર્ય દિવસ'ની રાષ્ટ્રીય ઉજવણી કરાશે.9 એપ્રિલ 1965ના રોજ પાકિસ્તાની સેનાના ‘ઓપરેશન ડેઝર્ટ હૉક’ સામે કચ્છના રણમાં આવેલી સરદાર અને ટાક પોસ્ટ પર તૈનાત CRPFની ૨જી બટાલિયનની ટુકડીએ અદભૂત વીરતા દાખવી હતી.

પાકિસ્તાનના 3500 સૈનિકો સામે CRPFના માત્ર થોડા જવાનોએ 15 કલાક સુધી અડગ લડત આપી દુશ્મનોને ખદેડી દીધા હતા. આ ઐતિહાસિક લડાઈમાં 34 પાકિસ્તાની સૈનિકો ઠાર થયા હતા, જ્યારે ભારતના 7 જવાનોએ શહાદત વ્હોરી હતી. આવતીકાલે સવારે 10 વાગ્યે સરદાર પોસ્ટ ખાતે ‘ગાર્ડ ઓફ ઓનર’ અને બેન્ડ પ્રદર્શન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. CRPF દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓ અને જવાનો ઉપસ્થિત રહી શહીદોના બલિદાનને નમન કરશે.

---

## ચૂંટણી અંગે કંટ્રોલ રૂમ કાર્યરત :

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને સુવ્યવસ્થિત રીતે પાર પાડવા માટે ભુજ કલેક્ટર કચેરી ખાતે ખાસ 'જિલ્લા કંટ્રોલ રૂમ' કાર્યરત કરવામાં આવ્યો છે. અધિક જિલ્લા ચૂંટણી અધિકારી ડી.પી.ચૌહાણના જણાવ્યા મુજબ, મતદાન અને મતગણતરી દરમિયાન વહીવટી સરળતા અને નાગરિકોની સુવિધા માટે આ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

ચૂંટણીને લગતી કોઈ પણ માહિતી માટે નાગરિક કંટ્રોલ રૂમ નંબર ૦૨૮૩૨-૨૫૨૭૧૫ પર સંપર્ક કરી શકશે. આ ઉપરાંત, રેકર્ડ શાખાના નાયબ મામલતદાર એસ.આર. ચંદારાણાના મોબાઇલ નંબર ૮૪૬૦૪ ૬૯૫૮૮ અથવા કારકુન જી.કે. મરંડ ૭૮૫૯૮ ૭૨૯૮૨ નો પણ સંપર્ક સાધી શકાશે.

---

## હાજીપીર મેળો :

કચ્છની કોમી એકતાના પ્રતીક સમાન હાજીપીરના પવિત્ર ઉર્સ-મેળાનું આયોજન ૧૧ થી ૧૩ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું છે. લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધા માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. એસ.ટી. વિભાગ દ્વારા ૭૧ વધારાની બસો ફાળવવામાં આવી છે, જ્યારે પીજીવીસીએલ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા વીજળી અને શુદ્ધ પાણીની ૨૪ કલાક વ્યવસ્થા કરાઈ છે.

લુણા ગ્રામ પંચાયત દ્વારા ૨૫૦ જેટલા સ્ટોલની ફાળવણી સાથે મેળામાં મનોરંજન અને ખાણી-પીણીની જ્યાફત જામશે. પોલીસ સ્ટેશન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રોડના કામને કારણે મુસાફરોને વૈકલ્પિક માર્ગ વાપરવા સૂચના અપાઈ છે. શુક્રવારથી શરૂ થનારી વિશેષ બસો સોમવાર સુધી કાર્યરત રહેશે.

---

## બાલિકા પંચાયત પર તાલીમ શિબિર :

કચ્છ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજના હેઠળ 'બાલિકા પંચાયત' વિષય પર ત્રણ દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી અવનીબેન રાવલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરમાં મુખ્ય સેવિકાઓ અને ફિમેલ હેલ્થ વર્કરોએ 12 વિવિધ વિષયો પર પ્રશિક્ષણ મેળવ્યું હતું.

તાલીમમાં દિલ્હી અને ગુજરાત યુનિસેફના નિષ્ણાતો ઉપસ્થિત રહી સામાજિક નેતૃત્વ અને સરકારી યોજનાઓની માહિતી આપી હતી.

---

# ભુજમાં પાણીની પરબ :

કચ્છમાં વધતી ગરમીને જોતા સેવા સાધના-કચ્છ અને પશ્ચિમ કચ્છ પોલીસ પરિવાર દ્વારા ભુજમાં વાણિયાવાડ ચોકી અને જ્યુબિલી સર્કલ ખાતે શુદ્ધ પાણીની પરબનો શુભારંભ કરાયો છે. સંસ્થાના ટ્રસ્ટી ચિરાગભાઈ કોઠારીએ જણાવ્યું કે, ઉનાળામાં બીમારીઓ રોકવા અને રાહદારીઓને નિઃસ્વાર્થ ભાવે ઠંડુ પાણી મળે તે હેતુથી આ સેવાયજ્ઞ શરૂ થયો છે.

---------------------------------------------------------------------------------------------